ૐ શ્રી

વિક્રમ ચરિત્ર

નાટકનાં ગાયનો



પ્રકાશક

બાપુલાલ બી. નાયક.

મુંબઇ ગુજરાતી નાટક મંડળીના માલિક

પ્રિન્સેસ થીએટર-સુરત.

આવૃત્તિ ૧૩મી પ્રત ૩૦૦૦.



સંવત ૧૯૮૨ સને ૧૯૨૬



મૂલ્ય ૦-૪-૦

પ્રસિદ્ધ કરનાર:—બાપુલાલ બી નાયક,
પ્રિન્સેસ થીએટર—સુરત.

છાપનાર:—ખંડુભાઇ રામભાઈ નાયક,
ધી ન્યુ "સમાચાર" પ્રીન્ટીંગ પ્રેસ,
ખપાટીઆ ચકલા—સુરત.



વિક્રમ ચરિત્ર

નાટકનાં પાત્રો

પુરૂષ પાત્રો.

મહારાજા વિક્રમ—ઉજ્જૈનીનો રાજા.

વિક્રમચરિત્ર [ઉર્ફે] રાજરતન—તેનો દીકરો

બાલકુમાર—વિક્રમચરિત્રનો દીકરો.

મેઘરાજ—એક નાનો રાજા.

સંદલ }
બંદલ } —વિક્રમરાજાના મશ્કરા દરબારીઓ.

આસ્તિક—રાજાના માળીનો છોકરો.

એ સિવાય:—દરબારીઓ, સિપાહીઓ, પ્રધાનો નગરજનો વિગેરે.



સ્ત્રી પાત્રો.

રંજિરમણી—વિક્રમ રાજાની રાણી.

રંભા—મેઘરાજની દીકરી, પછીથી વિક્રમચરિત્રની રાણી.

ઇંદુમતી—રંભાની નાની બ્હેન.

મેના—રંભાની સખી, ભંડલની વહુ.

મદિરા—રાજાની નાયકા.

માલણ, વારાંગનાઓ, દાસીઓ વગેરે.



વિક્રમ ચરિત્ર નાટકનો ટુંકસાર.

અંક ૧ લો.

મંગળાચરણ.

સૂત્રધાર, નટી—નાટક વિષે ખુલાસો કરે છે.

પ્રવેશ ૧ લો.

મહારાજા વિક્રમે નાનપણમાં પરણીને પરહરેલી રાજ-રમણી, દેવીની સેવા કરે છે, એટલામાં તેનો જુવાન કુંવર રાજરતન આવે છે અને માને ગરીબોને દાન દેવા મોકલે છે, એક ગરીબ બ્રાહ્મણનું આવવું, રાજરતન તેને માદળીયું તોડી સોનું આપે છે માદળીયામાંનો ભેદ ભરેલો લેખ, મા બીજું માદળીયું આપે છે બન્ને લેખ મેળવી વાંચવાથી વિક્રમ રાજા પોતાનો બાપ થાય એવી રાજરતનની ખાત્રી થાય છે; તેથી પિતાએ કરેલી શરત પાર પાડવા માને લઇ ઉજ્જેની જાય છે.

પ્રવેશ ૨ જો.

ઉજ્જેનીમાં વિક્રમ રાજાના બાગમાં માલણને ઘેર ઉતારો લેવો માલણને રાજાની દરબારમાં નાખવા એક ચિઠ્ઠી આપે છે.

પ્રવેશ ૩ જો.

વિક્રમ રાજાનો દરબાર, રાજરતનની ચિઠ્ઠી, તેને ઠગ સમજી પકડવાનું બીડું અંધલ બંધલ ઉઠાવે છે.

પ્રવેશ ૪ થો.

અંધલ—બંધલને [illegible] તથા આસ્તિક, બી વેષે ઠગી ફસાવે છે અને બાંધી રાજા પાસે મોકલે છે.

પ્રવેશ ૫ મો.

રાજા પાસે સંદલ-બંદલને લાવવામાં આવે છે. રાજાની ચિંતા, રાજ્યનાયિકા માહરૂ, ઠગને પકડવાનું બીડું ઝડપે છે.

પ્રવેશ ૬ ઠ્ઠો.

મદિરાને સૈયાને વેષે આસ્તિક તથા રાજરતન ઠગે છે અને તેનું નાક કાપી લે છે.

પ્રવેશ ૭ મો.

માતા અને પુત્ર, ઠગને પકડવા વિક્રમ રાજા જાતેજ ચડશે એવો પડો વાગે છે રાજરતનનું ધોબી થઇને જવું.

પ્રવેશ ૮ મો.

હરસિદ્ધનું દેવળ રાજાનું ઠગાઇ જવું, બાપ દીકરાની ઓળખાણ અને મેળાપ. રાજા રાજરતનનું નામ વિક્રમ ચરિત્ર પાડે છે અને પડો વગડાવે છે કે એક વિક્રમચરિત્ર ખરૂં અને બીજાં ખોટાં, રાજકુંવરી રંભા અને ઇંદુમતી દર્શને આવેલાં છે તે એ સાંભળે છે, રંભા, રાજાનું અભિમાન તોડવાનો ઠરાવ કરી જાય છે.



અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

રાજાનો પડો વગાડનારની ઢોલ રંભા ફોડાવી નાખે છે અને એક સ્ત્રીચરિત્રજ સાચું એમ રાજાને કહેવરાવે છે.

પ્રવેશ ૨ જો.

રાજરમણી અને વિક્રમરાજાનો મેળાપ, મેઘરાજનું આવવું. રાજા તેને કુંવરી રંભાને પોતાના કુમાર વિક્રમચરિત્ર જોડે પરણાવવા કહે છે.

પ્રવેશ ૩ જો.

લગ્ન. રંભા ચેતી જાય છે અને તેથી પોતાની નાની બ્હેન ઈંદુને વિક્રમ રાજાને ત્યાં દાસી થઈ રહેવા મોકલે છે.

પ્રવેશ ૪ થો.

વિક્રમરાય રંભાને એક દંડીયામાં કેદ કરે છે અને કુંવર વિક્રમચરિત્રને ત્યાં પગ પણ ન મૂકવાના સોગન લેવરાવે છે રંભાને કહે છે કે સ્ત્રીચરિત્ર સાબીત કરી બતાવશો તોજ છુટશો.

પ્રવેશ ૫ મો.

ઈંદુમતીની ખટપટ બ્હેન પાસે પોપટ, મોકલે છે, વિક્રમચરિત્ર પાસેથી [illegible] લ—બંદલને કુંવરને નામે બ્હેનની ચોકી કરવા મોકલે છે.

પ્રવેશ ૬ ઠ્ઠો.

સંદલ બંદલની ચોકી. ઈંદુમતી તથા એક દાસી આવે છે દાસીના કપડા પ્હેરી રંભા ઉતરી આવે છે રંભા અને ઈંદુનું છટકી જવું.

પ્રવેશ ૭ મો.

રંભા ઈંદુને વિક્રમચરિત્ર પાસે દાસી થવા મોકલે છે અને જાતે શામા દુધવાળીનો વેષ લઈ જાય છે.

પ્રવેશ ૮ મો.

ઈંદુ અને વિક્રમચરિત્ર, રંભાનું ગાયન સાંભળી કુંવર મોહીત થાય છે.

પ્રવેશ ૯ મો.

રંભા અને વિક્રમચરિત્રનો મેળાપ અને કુંવરનું ઠગાઈ જવું.



અંક ૩ જો.

પ્રવેશ ૧ લો.

રંભા પોતાના બાળક કુંવરને હાલરડાં ગાતી આવે છે, વિક્રમચરિત્રને બીજીવાર ઠગવાની તૈયારી રંભાની સખી મેના મદદ કરવા વચન આપે છે.

પ્રવેશ ૨ જો.

પોતાના ધણી બંદલને મરવાનો ઢોંગ કરવા સમજાવે છે અને જાતે તેની પાછળ સતી થઈ બળી મરવા જવાનો ઢોંગ કરે છે.

પ્રવેશ ૩ જો.

રંભા જોગણ રૂપે બેઠેલી છે ત્યાં સતી વેશે મેના આવે છે. રંભા તેને અખંડ સૌભાગ્ય એવો આશીર્વાદ આપે છે બન્ને વચ્ચે તકરાર, રંભા બંદલને જીવતો કરવા ઢોંગ કરે છે. રાજા અને રાજકુંવર ઓળખાય છે. વિક્રમચરિત્ર જોગણ પાસેથી સજીવન મંત્ર શીખવા જાય છે અને ફરી ઠગાય છે.

પ્રવેશ ૪ થો.

રંભા ફરીથી એક દંડીયામાં જાય છે. એવી સૂચના, ઇંદુમતી કેરી વેચે છે અને તેની કીમત વિક્રમરાજાની જમણી આંખ માગે છે સિપાહીઓ ઇંદુને પકડી રાજા પાસે લઈ જાય છે.

પ્રવેશ ૫ મો.

ઇંદ્ર અને રાજા વચ્ચે તકરાર. રાજા પસ્તાય છે. અને રંભાને બોલાવી લાવવા. દાસીને મોકલે છે, તે પાછી આવી રંભાને બે દીકરા હોવાની ખબર આપે છે, રાજાનો સંતાપ! જાહેર ન્યાયની તજવીજ.

પ્રવેશ ૬ ઠ્ઠો.

રંભાનો ન્યાય. ચતુરાઇની જાહેર સાબીતીઓ. શરતનું પૂર્ણ થવું અને આનંદ



ૐ શ્રી ૧૨૫૫૫.

વિક્રમ ચરિત્ર

અંક ૧લો.

મંગળાચરણ

સૂત્રધાર— ૧

કરૂણાના ભંડાર સદાશિવ સહાય સુખકર હો,
તાપ અમાપ સમાવો સ્વામી સંકટ સર્વ હરો—કરૂ૦
ઉમયાપતિ ભયભંજન ભોળા અરજી ઉર ધરો,
વિષધર વ્યાળ કરાળ કાલથી નિર્ભય નાથ કરો;
હિંદુ ભૂમિના વાસી ભણી કાંઇ દ્રષ્ટિ દયાની ભરો—કરૂ૦

નટી— ૨

સત્ય પવિત્ર ચરિત્ર હુલ્લાસે વધાવું
દિલ બિછાવું ત્યાં પધરાવું સેવા સામગ્રી સજાવું—સત્ય૦
સુચરિત્રે દીપતાં શોભતાં તેજ રેલાવતાં વિશ્વે,
બાળક ભામિની પુરૂષ સહુને
વંદી સુજશ તેમના નામના સહાય ગાઉં—સત્ય૦

રાજરમણી— ૩

જગદંબે રહેજો સહાય—સદા—જગ.
મન તુજ ચરણમાં લીન થાય—સદા—જગ૦
આદિ શક્તિ તું કારણ રૂપિણી,
રૂપ ન જાણી શકાય—સદા—જગ૦

માલણુ— ૪

હાં રે હું તો છોટી ચંબેલી ખીલતી,
તન ચંબેલી વદન ચંબેલી;
દીલ વસેલી છબીલી ચંબેલી ખીલતી—હાંરે૦
હાર ચંબેલીને ગજરા ચંબેલી;
છાબ ભરેલી નવેલી ચંબેલી ખીલતી—હાંરે૦

આસ્તિક— ૫

કરીએ ચમન કુક અમન ચમન કુક કુકડુકુક,
કલગી શી રોનકદાર ચમકાવે,
બચ્ચા વાહજી વાહવા વાહ ! કરીએ.
કુકડી મંગાવું સારી, તને પરણાવું પ્યારી;
છમકતી ઝમકતી હાં,
લડાઇ લડેંગે દુલહન લેંગે
ચમન કરેંગે ક્યોં બચ્ચાજી કુક—કરીએ૦

દરબારીઓ— ૬

રાજ અવિચળ રહે રહે નર નેક ટેકી,
શુરવીર દાનવીર પદ શોભે, શોભે સહુ આજ;
આનંદે આનંદે સમાજ—રાજ૦
નહિ કો જગમાં વિક્રમ રાજશો જશ.
સુરેન્દ્ર અહોનિશ ગાય સ્વર્ગ મહીં: એવા અહીં
પધારે છે રણવીર મહારાજ —રાજ૦

બાળક— ૭

અરે ચેત ચેત ચેત રાય કાં સુઇ રહ્યો ?
અભિમાન તોડનાર વીર હું પેદા થયો —અરે૦
ફસાવીને ઠગી જઇને શું સાંકળ સ્નેહની તોડી ?

વચન આપી અમોને રાજનું આપી નહીં કોડી;
હવે જોજે પરાક્રમ માંહરા તુંજ ફંદ હઉં ફોડી.
હું છું ઉર્જેણ ફેરા રાણીયો ઝટ ગાદી દે છોડી;
દુઃખી થશે તું જો તણાઇ ગર્વમાં ગયો —અરે૦

વારાંગનાઓ— ૮

છનગારી ધનરા સાહેબા, હો રાજ.
મગનેણીજીરે મંદીરીએ પગ દીજે —છન૦
નંદલાલ મજીલાલ લાડિલે
એક બેર દરશન દીજે —છન૦

આશિતક— ૯

અરે વાહ! અરે વાહ!
છું ઠુમક ઠુમકતી, રૂમક ઝુમકતી, રૂમઝુમ કરતી વાહ!
આ નખરાં ધરતી વાહ!
હું સુંદર મનહર જોબનવંતી, ચિત ચટકંતી વાહ!
અરે વાહ!—છું૦
કેવી રંગીલી, છેલ છબીલી બની રસીલી વાહ!--છું૦
છબી ન્યારી અતિ સારી જાઉં વારી બલિહારી;
છઉં નટખટ કપટ ઝપટ મહીં લટપટ,
મૂરખ અપટ ફસાવું ચપટ-ઝટ-પટ-વાહ—અરે વાહ! છું૦

સંઘા-બંદલ— ૧૦

હાય હાય કેદ પડયા, બંધ જડયા, ને જકડયા હાય!
ચતુર તે ચોટે ચડયા દાવે દડયા ને રવડયા હાય!-હાય૦
કુલીનસી ફોક થયા, છાકી ગયા, લાખે લહ્યા, હાય!
ફુરણુ ફજેત થયા હાય!
મરણથી બેજ રહ્યા હાય;
ઓ—મા—બા—રે—જઇએ ક્યાંહી હાય!—હાય૦

મદિરા— ૧૧

તીરછી નજરીયાં લગાએ જાઓ જાની,
લો દર્દ દિલકો જલાએ જાઓ જાની—તીર૦
હમતો આશક હએં તેરે નાજો નખરે કે પ્યારે.
કરોજી કરોજી કરમ રહમ, ફરમાઓ જાની—તીર૦

———

મદિરા— ૧૨

ઠએરો સીંગાર સજલું ફિર મય આતી હું
રાજરતન—અએ અલ કહા જાતી તું!
મદિરા—અઅસે પોશાખસે મેં આનેકો શરમાતી—હું૦
રાજરતન—કાહે ઘબરાતી તું ઠએરો,
આસ્તિક—આઈ સઓહાઈ કયા!
રાજરતન—ધુમ મચાઇ કયા!
મદિરા—હોરોજી કલાય, આઇ અભી આઈ
રાજરતન—અબ ન ઠએર,
આસ્તિક— લગત દેર,
મદિરા—કાંપત પએર,
આસ્તિક—ચલત સએર.
મદિરા—લા અરી લા અરી જલ્દી ઓઢણા
રાજરતન—કયું નાયકાજી?
મદિરા—હાંજી હાં હાંજી,
હાંરે ચલેંગે અબ સંગમે
રાજરતન—તેરો ઇનામ ગુમાતી તું —ઠએરો૦

———

રાજરમણી— ૧૩

શરણ હું હું તમારે પ્રભુ
ચરણ ચહું સદારે વિભુ —શરણ૦
બાળ તણી રક્ષા પ્રભુ કરજો
માગું એ શંભુ.... —શરણ૦

રાજરમણી— ૧૪

જા વીર વિજય તુજ કરશે રે માત ભવાની તુ,
બળ બાહોડીએ તુજ ભરશે રે માત ભવાની.
ચતુર શિરોમણી રાયજી છે દેવ મદદ પણ કરશે.
તે સમય હાથ તુજ ધરશેરે માત ભવાની —જા૦
કુંવર કોડીલા વિપત વખત પણ ધર્મ માર્ગ અનુસરશે,
મહીપતિને મન ઉતરશે રે માત ભવાની —જા૦

સર્વે— ૧૫

હરસિદ્ધ મા આનંદકારી, બહુ બળધારી,
છે સુખ કરનારી,
વિક્રમ—ફસવી ફંદે મેં મતિ મંદે, છોડી છંદે,
જન વૃંદે નિર્દોષી નારી—હર૦
વિક્રમચરિત્ર } બાળતણી સંભાળ લઇ આજ
રાજરતન } . આજ બાળ દઇ સુખીઓ કીધો.
અમૃત પ્યાલો આજે દીધો,
વિક્રમ—સ્નેહેથી મેં લીધો.
સર્વે—આનંદ દાયી, તું વ-ર-દા-યી-રે,
રાજ નવરંગ છે ઉછરંગ ભારી —હર૦



અંક ૨ જો

રંભા— ૧૬

અભિમાન મૂરખ મન ધરે પળમાં જશે ઉડી,
ગર્વથી થઇ દશા ન કોઇની રૂડી—અભિ૦
કેફ ગર્વનો પીને શું મસ્ત થઇ જાયે,
કાળના જળમાં તુ જશે બુડી—અભિ૦

રંભા— ૧૭

સત્યનો બેલી શ્રી રામ સહાય કહાવે,
તે ટેક નિભાવે,
ડરૂં ન કોથી લગારે હું તાક રાયશું જોર બતાવે?—સત્ય૦
આકરે તાપે જલેને તપાવે,
કુંદનને કદી આંચ ન આવે;
ઉત્તમ જાત નારીની સોહાવે, માનો;
છે ન કોની તાકાત સત્યને શામ લગાવે—સત્ય૦

રાજરમણી— ૧૮

યાદ આજે બાળપણું ફરી આવે મને
આ નજર તરવરે લગ્નદિનનો પ્રસંગ,
એકાંત વને મને—યાદ૦
એ આનંદ ઉછળી ઉછળી વહી જાય આજ,
તલપે અંતર કંથ કાજે આનંદે મળીશ આજે;
આરામ પામી આખર ભેટીને પ્રાણાધારને—યાદ૦

રાજરમણી— ૧૯

હું ભૂલું કેમ સ્વામી?
છબી એક આપની અંતર માંહે છે જામી—હું૦
આપ નામ તણી માળા જપી રહી નિશદીન
વીરતણું વીર બિંદુ પામી—છબી૦

જોગીને નિરંજન—અમારે દુઃખ ભંજનની,
તન મન ધુન રહી જામી—છઓી૦

વડારણો— ૨૦

મેં તો થાળ ભર્યો શગ મોતી એ રે,
હું તો વહુવર વધાવાને જાઉં,
મારે સોના સમો સૂરજ ઉગીઓ રે.
મારા વિક્રમચરિત્ર ભાઇને કારણે રે,
હું તો લાવું લાખેણી લાડી આજ,
મારે સોના સમો સૂરજ ઉગીઓ રે,
મારે ઓરડે આજ અજવાળડાં રે,
મારે આંગણીએ ઝાક ઝમાળ;
મારે સોના સમો સૂરજ ઉગીઓ રે.

રંભા— ૨૧

મને સહાય કરશે મોરારિ રે,
વ્હારે ચડશે ગોવર્ધન ધારી,
અહલ્યા ઉગારી મીરાં બાઇ તારી,
બ્હેની! ચિન્તા કરીશ નહીં મારી—મને૦
માંજારી બચ્ચાંને બળતાં ઉગારી,
મોક્ષ દીધો ગજેન્દ્રને તારી;
દ્રૌપદીનાં ચીર પુર્યાં થાશે તે સંહાયકારી—મને૦

વડારણો— ૨૨

હેતે પરણી પધારો વહુવર મહેલમાં
સાસુ [illegible]ને હરખ ન માય —પધારો૦
મારા કુંવરને [illegible] લાડકી,
મારી વહુવરને [illegible] —પધારો૦
મારા કુંવરને [illegible],
મારી વહુવરને [illegible] —પધારો૦

રંભા— ૨૩

માર્‍રા સર્વેશ્વરજી સખ્ત કબુલ મને,
જોઇ લેજો રે આપ મારાય રંગ;
બતાવું છુ ખરી જુબી હું રાજ.
સ્ત્રી ચરિત્ર સરસ સાબીત કરૂં.
ચોકી દેજોરે સેનાની ચતરંગ —બતાવું૦
કેદખાનું હવેથી મંજુર મને,
કરી લેજોરે હૈયે હોય ઉમંગ —બતાવું૦

રંભા— ૨૪

વીરા આવ્યો વધામણે કે ભૂલ્યો તું વાટ?
હું ઉભી લારી ઉચાટ, એક આશાનો ટહુકાર દે!!

રંભા— ૨૫

એ........માથે મટુકી લઇ જાઉં,
પ્યારા લ્હેરી લાલાને દુધલડાં પાઉં—એ૦
હું ગોવાલણ નાની નારી,
પ્યારો મારો છે વિહારી;
રંગે રમાડી રીઝાઉં—પ્યારા૦

ઇંદુમતી— ૨૬

સર્વ ધર્મનું મૂળ પ્રેમદા શાસ્ત્ર પુરાણે શાખ લખી,
સહુ નીતિ બંધ સંબંધ બંધ કુટુંબ બંધમાં એજ મુખી
નારી વિનાનું કોઇ મંગળ કામ નામ બને નહીં,
જગ કેરૂં જગ સુખ કેરૂં કારણ નારી એક બની રહી.
વિદ્યા કળા, કૌશલ્ય; જ્ઞાન, કશું નહીં નારી હવના,
નહિ મોક્ષ પામે માનવી મુક્તિ અના નારી વિના;
જીવન તત્ત બની વ્યાપી રહી કરે; વિશ્વને સદા સુખી—દે૦

રંભા ૨૭

કોઈ દુધ લ્યો દિલ રંગી !
શોખીલા શાણા ઉમંગી હો—કોઈ૦

* * * *

કેફી પીયે કસુંબલો, ગાંજો પીએ અબુધ;
દારૂ દીવાના પીયે, ડાના પીયે દુધ —હાં કોઈ૦
એક અમીરસ દેવનો, બીજો રસ છે પ્રેમ;
ત્રીજો રસ ગોરસ ભલો, પીધે કાયા હેમ—હાં કોઈ૦
ગોરી ગવરી ગાયનાં, ગોરાં મારાં દુધ;
હું પણ ગોરી ગોરડી, ગોરૂં દિલ છે શુદ્ધ—હાં કોઈ૦

* * *

હેમ કટોરો હાથમાં, માંહી અમૃતસાર;
ચતુર હોય તે ચિન્તવે, શુંણુ સમજે ન ગમાર—હાં૦

રંભા— ૨૮

મને રોકો ના રસીલા છેલા મૂકોને હાથ;
ઓરા હુંકો ના છબીલા વ્હાલા મુકોને હાથ;
વિક્રમચરિત્ર—લ્હેરે ઝુકો અલબેલાં વહેલાં આવું સંઘાથ.
રંભા—મૂકો કેડો !
વિક્રમચરિત્ર—લાગ્યો નેડો,
રંભા—છોડો છેડો
વિક્રમચરિત્ર—સાથે તેડો.
રંભા—ભોળી નારી !
વિક્રમચરિત્ર—કામણગારી;
રંભા—હું તો હારી,
વિક્રમચરિત્ર—વાહરે પ્યારી —રોકો ના૦



અંક ૩ જો

દાસીઓ— ૨૯

નેણુમાં નિંદ્રા ન આવે જરી,
મારોં રામ ગયા વનવાસરે —નેણુમાં૦
હંસ વિના મારાં સરોવર સુનાં રે,
વાઘ વિનાની વનવાટરે —નેણુમાં૦
પંખી વિનાનાં મારાં પીંજર સુનારે,
મંદિરીયાં સુનાં સીતા રામરે —નેણુમાં૦

રંભા— ૩૦

હાલો વ્હાલો લાલ મારા બાળા,
કુંવર મારા કાલા ઝુલોને આનંદમાં;
લાગે મુખડું વ્હાલું હાસ્ય મંદમાં,
રહો માના વિસામા ચમનમાં,
હસંતા સુમનમાં, વ્હાલાંઓના વૃંદમાં;
હાલ મ્હાલો મામાના ભુવનમાં;
ઓછું આણે રખે રાજ મનમાં,
જઇશું થોડા દિનમાં વતનમાં બુલંદમાં —હા૦

દાસીઓ— ૩૧

નિરગુણ પર તે બ્રહ્મ રે,
કેવળ સમાધિ સુખકર સાખી
નિજ સ્વરૂપમાં બને લીન જોગી નિષ્કામ—નિ૦
તુંહી તુંહી તુંહી રસના રટે નામ
સત રૂપ તારૂં વરણી શકે નહીં વાણી;
તે સ્વરૂપ મહીં [illegible] જોગી સદા આરામ—નિ૦

સર્વે— ૩૨

જય જોગણુ બાલી (૨)
અકળ તેજ આકારે અકળ શક્તિવાળી !
જય જય જય જોગણુ બાલી,
બનીશું બાલ સ્વરૂપ, બાલા બિરદાળી,
આદિ શક્તિ અવતાર માયા મહાકાળી;
જય જય જય જોગણુ બાલી.

રંભા—

મેં તો બાલાસી જોગન, બિલાસી જવાન,
શ્યામ પંછી બીજોગન બિલાસી જવાન
વિક્રમચરિત્ર—પ્રેમ ગ્રંથી ગુંથીને આપો મંત્ર દાન—મેં૦
રંભા—તોહે દીનો જોબનવા બિલાસી જવાન,
રંગ ભીનો સુમનવા બિલાસી જવાન,
વિક્રમચરિત્ર—સદા સિદ્ધિ નવ નિધિ આપો મંત્રદાન—મેં૦

[illegible]— ૩૪

મન હગાર જુઓ બિચારી રાયજી,
સહુથી સમરથ એક તે કેમ થાયજી.
નિત્ય જળહળતા દીવા પ્રગટાયજી;
રાય રંક બહુ તણા ઘર માંયજી;
દોરી સંચે પુતળાં, ફોક ધરે અભિમાન,
પ્રભુને હાથ કમાન;
તે નચાવે તેમ નાચ્યે જાયજી—સહુ૦

બાળ કુમાર— ૩૫

તેડો દાદાજીને મને તેડો દાદાજી !
[illegible]
હવે હઠ [illegible],


હા તાત આપો રાજ આજને આજ બસ તેડો.
રાજ હું ચલાવું પૂરા પ્યારથી,
હા તાત છું બહાદુર પુરો શૂર-બસ-તેડો.

રંભા— ૩૬

નજર કરો નાથ જરા ઓળખી લ્યો નારી
છું હું તે બીજી કે કંથ આપનીજ પ્યારી ?—નજર૦
હેમ પ્યાલો હાથમાં, ને માહી મીઠું દુધ.
પીધું શ્યામા પાસથી, શું તેની ભુલ્યા શુદ્ધ;
કોણ હતી કંથ એ તે દુધની પાનારી ? —નજર૦
મુવાં કીધાં જીવતાં, પરચો બતાવ્યો પૂર,
યાદ છે કે રાયજી એ જોગણીનું નુર ?
છાનો મંત્ર શીખવ્યો છે, એજ આ ઠગારી —નજર૦
વિના વાંકે દંડીયાનાં કેદ મુજને કીધી,
ચતુર સસરાજી સખત ચોકી તમોએ દીધી,
કરી બતાવી મેં સાબીત શરત સર્વ મારી —નજર૦

સર્વે— ૩૭

સકળ સ્થળ કરો વિભુ લીલા લ્હેર,
સુખદ મેઘ વરસો વરસો.
ધરા કણ-તૃણથી છવાઓને આનંદલેર —સકળ૦
બાળકુમાર—સહુ ઘેર પારણાં બંધાઓ રૂપાળાં,
સર્વે—કુંવર કુંવરી ગુણવાળાં,
સતી નાર ઘર ઘર સોહાવો સુહાગણી,
કીજે પ્રભુજી આનંદ મહેર —સકળ૦



જાહેર ખબર

નીચે લખેલાં હિંદી ભાષાના નાટકોના ઓપેરા-ઓ અમારી કંપનીમાંથી રોકડી કીમતે મળશે.

સૌભાગ્ય–સુંદરી. શ્રીકૃષ્ણ ચરિત્ર.
ભારત સંતાન. રામ ચરિત્ર.
તિલક કુમાર.

બાપુલાલ બી. નાયક.
માલિક
મુંબઈ ગુજરાતી નાટક મંડળી.

[redacted] જાહેર ખબર

નીચે લખેલાં પુસ્તકો મુંબઈ ગુજરાતી નાટક મંડળીનો જ્યાં મુા
હોય ત્યાંથી રોકડી કીંમતે મળશે. વી. પી. થી મોકલવામાં આવશે ન

૧ સૌભાગ્ય સુંદરી.
૨ વિક્રમ ચરિત્ર.
૩ કામલતા.
૪ મધુ બંસરી.
૫ સુધાચંદ્ર.
૬ સ્નેહ સરિતા.
૭ મેઘ માલિની.
૮ આનંદ લહરી.
૯ પ્રતાપ લક્ષ્મી.
૧૦ કુલીન કાન્તા.
૧૧ હરિશ્ચંદ્ર.
૧૨ કનકતારા.
૧૩ કુંદબાળા.
૧૪ ચંદ્રા. ૧૫ રાજબીજ.
૧૬ મેવાડનો પ્રતાપીચંદ.
૧૭ દુ:ખી બાઈ બ્હેન.
૧૮ પ્રેમકળા.
૧૯ માનસિંહ—અભયસિંહ.
૨૦ મુળરાજ સાલકી
૨૧ સુંદર વે[illegible]
૨૨ રસિકમણી.
૨૩ બારિસ્ટર.
૨૪ રામ ચરિત્ર
૨૫ જયરાજ.
૨૬ પુષ્પસેન પુષ્પાવતી
૨૭ નૃસિંહાવતાર.
૨૮ તિલક કુમાર.
૨૯ કરણ ઘેલો.
૩૦ વીર મંડળ.
૩૧ મોહિની.
૩૨ જહાંગીર શાહ ગૌહર.
૩૩ અજબ કુમારી.
૩૪ નળ દમયંતી.
૩૫ લલિતા દુ:ખ દર્શક.
૩૬ લક્ષાધિપતિનો રમણ.
૩૭ સંગતનો રંગ.
૩૮ હાજી હસરત.
૩૯ નેક અંજામ.
૪૦ જુગલ જુગારી.
૪૧ નંદબત્રીસી.
૪૨ નવલશા હીરજી.
૪૩ ચંદ્રભાગા.
૪૪ વસંત પ્રભા
૪૫ સંગતનાં ફળ.
૪૬ વિશ્વલીલા.
૪૭ તિલસ્મે હસ્કત.
૪૮ કૃષ્ણ ચરિત્ર.
૪૯ દેવકન્યા.
૫૦ નવલ કુસુમ.
૫૧ ખાન્દાને ગુલ.
૫૨ રામ રતન.
૫૩ શકુંતલા.
૫૪ ભદ્રાભામિની.
૫૫ વિમળા.
૫૬ ઝાંસીની હીરા.
૫૭ શ્રી દેવી.
૫૮ કનક કિશોરી.
૫૯ ગુમાન તારા.
૬૦ નાગમતિ
૬૧ જહરી અંગુસ્તરી.
૬૨ સૌભાગ્યનો સિંહ.
૬૩ સામ્બ લક્ષ્મણા.
૬૪ ભારત સંતાન.
૬૫ વીર માનસિંહ. ૬૬ નૂરજહાન.

બાપુલાલ બી. નાયક.
મુંબઈ ગુજરાતી નાટક મંડળીના માલિક.